EDII

Gujarat Samachar

May 21, 2016
Page No. 1
Of Gujarat Plus

# ઈડીઆઈ ખાતે નેશનલ લેવલનો યુવા સમર કેમ્પ યોજવામાં આવ્યો

ઈડીઆઈઆઈ ખાતે યુવા સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત, કેરાલા, કર્ણાટક, રાજસ્થાન, તામિલનાડુ જેવા ૯ રાજ્યોમાંથી ૧૫ છોકરીઓ અને ૩૩ છોકરાઓએ ભાગ લીધો હતો.

યુવાઓમાં લીડરશિપ ક્વોલિટી, ટીમવર્ક, નેતૃત્વ તેમજ ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસે તે ઉદ્દેશ્યથી આ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજની જરૂરીયાતને ધ્યાનમાં રાખી યોગ, ક્લાસરૂમ એક્ટિવિટી, વિવિધ પ્રકારની ગેમ્સ, ગ્રુપ ડિસ્કશન સહિતની અનેક એક્ટિવિટીઓ યોજવામાં આવી હતી. સમરકેમ્પના છેલ્લા દિવસે સ્ટુડન્ટ્સને સંબોધવા માટે જાણીતા બિઝનેસમેને તેમની બિઝનેસની સફળતા અંગે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. જેમાં કેટલાક સ્ટુન્ટસ અને ફેકલ્ટી વચ્ચે સ્ટાર્ટ અપને લઈને કેટલાક સવાલ જવાબ પણ થયા હતા.